# મારે ૧૨ જ્યોતિર્લીંગની મુલાકાત કરવી છે

# અનન્યા પાંડે



**સ્ટાર કિડ્સની નવી જનરેશનમાં અનન્યા પાંડેએ પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું છે. 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'થી શરૂઆત કરીને 'ચાંદ મેરા દિલ', 'તું મેરી મૈં તેરા...' અને 'ખો ગયે હમ કહાં' જેવી ફિલ્મ્સ કરીને તેણે પોતાની પ્રતિભા બતાવી છે. અહીં આપણી સાથેની વાતચીતમાં તે તેની કૂલ છતાં બેલેન્સ્ડ લાઇફસ્ટાઇલ અને આ વર્ષના લક્ષ્યાંક વિશે આપણને ખુલ્લેઆમ વાત કરે છે.**

**તારો મનપસંદ રેડ કાર્પેટ લુક કયો છે?**

મને એલી સાબ ગાઉન ખૂબ ગમે છે, જે મેં ગયા વર્ષે ફિલ્મફેર એવોર્ડમાં પહેર્યો હતો. ત્યારે મને બેસ્ટ એક્ટ્રેસ ઇન કોમિક રોલનો એવોર્ડ મળ્યો હતો. આમ છતાં, મારો સૌપ્રથમ ફિલ્મફેર આઉટફિટ મારો કાયમ માટેનો પ્રથમ પ્રેમ રહેશે. મેં ત્યારે બ્લેક ઓફ-શોલ્ડર ટોપ સાથે યેલો ફ્રીલવાળું સ્કર્ટ પહેર્યું હતું, તેમાં ખરેખર કપકેક જેવી દેખાતી હતી! તે આઉટફિટ મારી ખાસ યાદગીરી તરીકે રહેશે.

**સ્ટાઇલિશ રહેવા માટે તું શું કરે છે?**

શો-શા

હું જે કપડાં પહેરું છું તેમાં મને કમ્ફર્ટેબલ ફીલ થવું જોઈએ. ઘણા બધા ટ્રેન્ડને અનુસરવાને બદલે હું પોતાને જે ગમે તે પહેરવાનું પસંદ કરું છું. જો તમે તમારા આઉટફિટથી નાખુશ હોવ તો તે તમારા ચહેરા પર દેખાઈ આવે છે. જ્યારે હું અન્ય વિકલ્પોને ગણકાર્યા વિના ફક્ત પોતાના મનની વાત સાંભળું ત્યારે મને લાગે છે કે હું સ્ટાઇલિશ છું.

**એક વ્યસ્ત દિવસ પસાર થયા બાદ તું કઈ રીતે રિલેક્સ થાય છે?**

હું મારા ચાર પેટ ડોગ્સ સાથે સમય વિતાવું છું, ઘણા વૃક્ષોથી ઘેરાયેલા મારા ઘરની બાલ્કનીમાં બેસીને બુક વાંચું છું. જે પ્રવૃત્તિથી હું કુદરત સાથે જોડાઈ શકું તે કરવાથી હું રિલેક્સ થાઉં છું. મારા પરિવાર અને મિત્રો સાથે બેસીને ફિલ્મ્સ જોવી કે તેમની સાથે સમય પસાર કરવાનું પણ હું એન્જોય કરું છું.

**તને જો પસંદગી કરવાની આવે તો તું કોની સાથે ફોટોશૂટ કરવાનું પસંદ કરશે?**

મારા કુતરાઓ સાથે! તે ચારેય એક જ દિશામાં જુએ એ બાબત જ પડકારરૂપ છે. છતાં, મને તેમની સાથે ફોટોશૂટ કરાવવાનું ગમશે.

**ત્રણ એવી બાબતો કઈ છે જે તું આ વર્ષે કરવા માંગતી હોય?**

મારી ન્યૂયોર્કમાં રહેતી બહેનની સાથે થોડો સમય પસાર કરવા માંગું છું, જેની સાથે મારે ભાગ્યે જ મળવાનું થાય છે. આ વર્ષનું મારું વાંચનનું ધ્યેય પૂરું કરવું છે. અને આશા છે કે હું ૧૨ જ્યોતિર્લિંગની મુલાકાત લઈ શકું.

**સોશિયલ મીડિયા પર સકારાત્મકતાની તે હંમેશાં હિમાયત કરી છે. ઓનલાઇન નકારાત્મકતાનો સામનો કરી રહેલાઓને તું શું સલાહ આપીશ?**

સાચું કહું તો તમે ધ્યાનથી જુઓ તો ખ્યાલ આવશે કે આવું દરેક સાથે થતું હોય છે. તે આપણને ઘણી વાર હેલ્પલેસ ફીલ કરાવે છે. જ્યારે આ નકારાત્મકતાનો તમે શિકાર બનો છો ત્યારે તે વધારે ડરામણી લાગે છે. પરંતુ, તમે જુઓ છો કે સફળ અને આત્મવિશ્વાસુ લોકો પણ તેનો સામનો કરી રહ્યા હોય છે. તે તમને સમજવામાં મદદરૂપ થાય છે કે તે પ્રથમ નજરે જેટલું ભયાનક દેખાય છે તેટલું તે ભયાનક હોતું નથી.

**અત્યાર સુધી તું જેમની સાથે કામ નથી કર્યું તેવા કયા ડિરેક્ટર્સ છે જેમની સાથે તું કામ કરવાની ઈચ્છા રાખે છે?**

કરણ જોહર, ઝોયા અખ્તર અને સંજય લીલા ભણસાલી. આ ત્રણ ડિરેક્ટર્સ સાથે મારે ચોક્કસ કામ કરવું છે. •

**જ્યારે આ નકારાત્મકતાનો તમે શિકાર બનો છો ત્યારે તે વધારે ડરામણી લાગે છે.**




# MITHILA PALKAR

## વિલન બનવાનો મોકો મળે તો?

**સ્ક્રિપ્ટ કે કો-સ્ટાર પહેલાં કોને હા કહીશ?**
સ્ક્રિપ્ટને!

**OTT કે મોટા પડદાની ફિલ્મ?**
બંને! સ્ટોરીમાં દમ હોવો જોઈએ, બસ.

**ગ્લેમરસ રોલ કે ગ્રે શેડ્સવાળો કેરેક્ટર?**
ગ્રે શેડ્સ! ડિફરન્ટ ટ્રાય કરવું ગમે.

**વિલન બનવાનો મોકો મળે તો?**
બિલકુલ! હીરો-હીરોઈન તો બહુ થઈ ગયા, હવે થોડું તોફાન કરીએ!

**સેટ પર સૌથી પહેલાં શું કોફી કે સ્ક્રિપ્ટ?**
સ્ક્રિપ્ટ! પછી કદાચ કોફી.

**ફેશનમાં કમ્ફર્ટ કે ટ્રેન્ડ?**
કમ્ફર્ટ વિથ અ લિટલ ટ્રેન્ડ!

**ગો-ટુ લુક?**
સિમ્પલ, કમ્ફર્ટેબલ એન્ડ કૂલ.

**રેડ કાર્પેટ કે કેઝ્યુઅલ સ્ટ્રીટ સ્ટાઈલ?**
કેઝ્યુઅલ! પણ રેડ કાર્પેટનો ગ્લેમર પણ કોણ છોડે?

**ડેટ પર મૂવી કે ડિનર?**
ડિનર અને પછી મૂવી! બંને કેમ નહીં?

**ફોનમાં સૌથી વધુ શું હોય?**
ફોટોઝ અને મીમ્સનું કોમ્બિનેશન!

**એક્ટિંગ છોડીને કંઈક બીજું કરવું પડે તો?**
ક્રિએટિવ દુનિયામાં જ કંઈક કરીશ.

**ડિરેક્ટરની ખુરશી પર બેસવાનું મન છે?**
કેમ નહીં! એક દિવસ કેમેરાની બીજી બાજુ પણ ઊભી રહીશ.

**તારા વિશે લોકોની સૌથી મજેદાર ગેરસમજ?**
લોકો મને જેટલી શાંત સમજે છે, હું હંમેશાં એટલી શાંત નથી!

**સેટ પર પ્રેન્કર કે સીરીયસ એક્ટર?**
કામ વખતે ફોકસ્ડ, બાકી મસ્તી તો ચાલતી જ રહે.

**લાઈફનું ફિલ્મ ટાઇટલ શું રાખે?**
'Still Figuring It Out!'

**મિથિલાને એક શબ્દમાં ડિસ્ક્રાઇબ કર!**
ક્યુરિયસ! •

# 'હિમાંશુ'નો હીરો અવતાર!

'ખિચડી'નો હિમાંશુ એટલે J.D. મજેઠિયા! ટીવી પર પોતાની મજેદાર એક્ટિંગ અને ખાસ ગુજરાતી ટચથી દર્શકોને હસાવનાર J.D. હવે ફરી એકવાર ગુજરાતી ફિલ્મના પડદા પર હીરો બનવા જઈ રહ્યો છે. ખાસ વાત એ છે કે આ કમબેક લગભગ 27 વર્ષ પછી થઈ રહ્યું છે અને જો બધું નક્કી પ્રમાણે થયું તો તેમની સામે ફરી એકવાર શેફાલી શાહ જોવા મળી શકે છે. એટલે કે 1999ની જૂની જોડી ફરી 2026માં સ્ક્રીન પર દેખાય એવી શક્યતા છે!

J.D.એ 1999માં આવેલી ગુજરાતી ફિલ્મ 'દરિયાછોરુ'થી ફિલ્મી સફર શરૂ કરી હતી. આ ફિલ્મમાં તેમની સાથે શેફાલી શાહ લીડ રોલમાં હતી.

એક્ટર્સ લાઈફ

પરંતુ 'દરિયાછોરુ' પછી J.D.ની સફર એક્ટિંગથી વધારે પ્રોડક્શન તરફ વળી. 'ખિચડી', 'સારાભાઈ વર્સસ સારાભાઈ', 'બા બહુ ઔર બેબી', 'વાઘલે કી દુનિયા' સહિતના અનેક ફેમસ શો સાથે તે નિર્માતા અને દિગ્દર્શક તરીકે જોડાયો. વચ્ચે-વચ્ચે એક્ટિંગ પણ કરી, પરંતુ હવે તેઓ ફરી ફુલફ્લેજ્ડ લીડ રોલમાં ગુજરાતી ફિલ્મ કરવા જઈ રહ્યો છે.

ફિલ્મનું લેખન અને દિગ્દર્શન આતિશ કાપડિયા કરશે. ફિલ્મ તેમની જ લોકપ્રિય ગુજરાતી નાટક 'એકબીજાને ગમતાં રહીએ' પરથી બની રહી છે. આ નાટક 275 શો સુધી ભજવાયું હતું અને તેમાં દેવેન ભોજાણી તથા સરિતા જોશીએ મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી.

અને અહીં આવે છે સૌથી મજેદાર ટ્વિસ્ટ! ફિલ્મમાં J.D.ની સામે શેફાલી શાહને કાસ્ટ કરવાની ચર્ચા છે. જો શેફાલી આ ફિલ્મનો ભાગ બને છે, તો 'દરિયાછોરુ' પછી 27 વર્ષ બાદ બંને ફરી એક જ ફિલ્મમાં જોવા મળશે. જોકે શેફાલી અન્ય હિન્દી પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત હોવાથી તેમના સ્થાને માનસી પારેખને પણ આ ભૂમિકા માટે વિચારવામાં આવી રહી છે. એટલે હાલ શેફાલીનું નામ ચર્ચામાં છે, પરંતુ અંતિમ કાસ્ટિંગની સત્તાવાર જાહેરાતની રાહ જોવી પડશે.



એટલે હવે 'ખિચડી'ના હિમાંશુને કોમેડી કરતાં કંઈક અલગ અંદાજમાં જોવાની તૈયારી રાખવી પડે! 27 વર્ષ જૂની જોડી, આતિશ કાપડિયાની વાર્તા અને એક જ ઘરમાં સાથે રહેવા મજબૂર બે આધેડ લોકોની કહાની–આ કોમ્બિનેશન ગુજરાતી ફિલ્મપ્રેમીઓ માટે ચોક્કસ ચર્ચાનો વિષય બનવાનું છે. બસ, હવે સવાલ એક જ છે: શેફાલી ખરેખર પરત આવશે કે પછી હિમાંશુ સાથે માનસી પારેખની નવી જોડી બનશે? •